## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




ગાંધીનગરની હોસ્પિટલ છે... એટલે કાતરી ખાવાવાળા ઊંદર હોય... જુનાગઢની હોસ્પિટલ હોત તો ખબર પડેત... ત્યાં તો સિંહ જ હોય..!!

# શહેરની પ્રાથમિક શાળાઓના ૨૩ બાળકો પર હૃદયની સફળ શસ્ત્રક્રિયા કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના ૨૩ ભૂલકાંઓના હૃદયના ઓપરેશન વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૦ બાળકોના ક્લેફટલીપ પેલેટના અને ૧ બાળકને કોકલિયર ઈમ્પાલન્ટનું પણ ઓપરેશન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં ૦ થી ૧૮ વર્ષના આશરે ૬૨૫૦૦ બાળકો છે. તેમાં તમામ સરકારી તથા પ્રાઈવેટ પ્લેગ્રુપ, આંગણવાડી, પ્રા. શાળા, મા. શાળા, મદ્રેસા, ચિલ્ડ્રન હોમનો સમાવેશ થાય છે. આ તમામ બાળકોની આરોગ્ય ચકાસણી શાળા આરોગ્ય કાર્યક્રમ દ્વારા વર્ષમાં એકવાર કરવામાં આવે છે તથા શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ દ્વારા વર્ષમાં બે વખત સંપુર્ણ ચકાસણી કરવામાં આવે છે. તેમ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. દિનેશ બારોટે જણાવ્યુ છે.

તેમણે જણાવ્યું છે કે અટલ સ્નેહ પ્રોગ્રામ તા. ૨૫-૧૨-૨૦૧૬થી રાજ્યમાં શરૂ કરવામાં આવેલ છે. તે અંતર્ગત દરેક ડીલીવરી પોઈન્ટ પર નવજાત બાળકનું સ્ક્રીનીંગ કરવામાં આવે છે. તથા કોઈ ડીફોર્મીટી જણાય તો તાત્કાલિક તેને ટર્સરીકેરમાં રીફર કરી તેની સારવાર કરાવવામાં આવે છે.

ગાંધીનગર કોર્પોરેશન ખાતે વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન કુલ ૫૭૦૦૦ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ તેમાં ૨૧,૨૬૩ બાળકો મેડી. ઓફીસર દ્વારા ચકાસવામાં આવેલ છે. ૩૩૭ બાળકોને સંદર્ભ સેવા પુરી પાડવામાં આવેલ છે. ૪૦ બાળકોને હૃદયરોગ, ૩ બાળકો કીડની, ૨ બાળકો કલબફુટ, ૩ બાળકો ક્લેફલીપ, ૧૮૨ બાકો ચશ્માના મળેલ છે જેમને સંદર્ભસેવા પુરી પાડવામાં આવેલ છે. તથા તમામ બાળકોની સ્થિતિ સારી છે.

દરેક બાળકોને સ્કૂલમાં અઠવાડિયામાં એકવાર લોહતત્વની ગોળી આપવામાં આવે છે. તથા વર્ષમાં ૨ વાર કૃમિનાશક ગોળી આપવામાં આવે છે.

# સેક્ટર-૨૪ના નવીન બગીચાને ‘બાબા સાહેબ’ના નામ સાથે જોડો : અંકિત બારોટ

ગાંધીનગર, તા. ૨૮

ઉદ્યાનનગરી તરીકેની આગવી ઓળખ ઉભી કરનાર ગાંધીનગરમાં સે. ૨૪ ખાતે નવા બની રહેલા બગીચાને ડૉ.



આંબેડકરના નામ સાથે સાંકળવાની માંગ સાથે આજે કોંગી કાઉન્સીલર અંકિત બારોટના નેતૃત્વમાં સે. ૨૪ના રહીશોએ મ્યુનિ. તંત્રને આવેદન પત્ર આપ્યું છે.

સમતા, સમાનતા અને બંધુત્વની તજ ઉપર લખાયેલા ભારતના બંધાણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર એ માત્ર પછાત અને દલિત નહિ પરંતુ સમગ્ર વિશ્વના નેતા હતા, તેઓએ સમગ્ર વિશ્વમાં ન હોય તેવું બંધારણ ભારત દેશને આપી ભારતની તસવીર બદલી નાખી છે. જેના કારણે ભારત દેશનો સાચો વિકાસ થવા પામ્યો છે, તેમજ છેવાડાના પછાત, દલિત અને આદિવાસી વિકાસમાં ભાગીદાર બની શક્યા છે.

ગાંધીનગર શહેરમાં સે. ૨૪માં સૌથી વધારે પછાત અને દલિત સમુદાયની વસતી વસવાટ કરે છે, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સે. ૨૪માં નવીન બગીચાનું નિર્માણ થવાનું ચાલુ છે. સે. ૨૪ અને વોર્ડ નં. ૪ના એક જવાબદાર નગરસેવક તરીકે લોક લાગણીને માન આપી આપને હું રજૂઆત કરૂ છુ કે સે. ૨૪માં આવેલ નવીન બગીચાને ‘ડૉ. બાબાસાહેબ આંબેડકર પાર્ક’ નામ આપવામાં આવે અને બાબાસાહેબની પ્રતિમાનું અનાવરણ બગીચાના પ્રવેશમાં કરવામાં આવે.

આ સાથે સે. ૨૪, ૨૫માંથી લગભગ ૩૦૦ પરિવારની સહી સાથે આજરોજ સમાજના આગેવાનો સાથે નાયબ મ્યુનિસિપલ કમિશનરને આવેદન આપી રજૂઆત કરી છે કે, આ કાર્ય વહેલી તકે પૂર્ણ થાય જેથી કરી બાબાસાહેબની જન્મતિથી અને પુણ્યતિથી જેવા દિવસોએ અમારા વિસ્તારનો ગરીબમાં ગરીબ માણસ બાબાસાહેબને અંજલિ આપવા માટે દૂર જવુ ના પડે અને સેક્ટરની અંદર જ આ ભગીરથ કાર્ય કરી શકે.

આજરોજ આ રજૂઆત કરવામાં કોર્પોરેટર અંકિત બારોટ સાથે એસ.સી. સેલ કોંગ્રેસના ચેરમેન અશોક શ્રીમાળી, હેનીશ રાઠોડ, કે.યુ. ચાવડા, દયમંતીબેન મકવાણા, આકાશ ચાવડા સહીત સમાજના વિવિધ આગેવાનો જોડાયા હતા.



ઈન્ડીયન મેડીકલ એસોસિએશનના એક પ્રતિનિધિ મંડળે પી.સી.પી. એન્ડ ડી.ટી.ના જવાબદાર અધિકારી તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જોગાણીને મળી ભ્રૂણ હત્યા કરનારાઓને કડકમાં કડક શિક્ષા કરવા સાથે નિર્દોષ તબિબોને કારણ વગર હેરાન ન કરવા રજૂઆત કરી હતી. આ પ્રતિનિધિ મંડળમાં આઈ.એમ.એ.ના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણ, સેક્રેટરી ડૉ. જયેશ સોલંકી, નોડલ અધિકારી ડૉ. પ્રિયંક વોરા, સહિત ગાયનેકોલોજીસ્ટ અને રેડીયોલોજીસ્ટ તબિબો જોડાયા હતા.

# ગાંધીનગરમાં ‘મારી લાઈફ તારી’નું મ્યુઝિક લોન્ચ કરાયું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે સોમવારે રાત્રે આગામી ગુજરાતી અર્બન ફિલ્મ ‘મારી લાઈફ તારી’નો મ્યુઝિક લોન્ચિંગ સેરેમની યોજાયો હતો. બીગ શોટ ઈવેન્ટ્સ મેનેજમેન્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ઈમ્પાના સભ્ય તથા એવોર્ડ વિનર રાઈટર જિતેન પુરોહિત તથા જાણીતા ગુજરાતી સિંગર અરવિંદ વેગડા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે ઉદ્‌ગમ દ્વારા સન્માનિત ગાંધીનગરની મહિલા પ્રતિભાઓને ફરીથી સન્માનિત કરવામાં આવી હતી.




બીગશોટ ઈવેન્ટસ મેનેજમેન્ટના સંજય તન્ના દ્વારા કરાયુંહતું. આ પ્રસંગે જાણીતા ગુજરાતી અભિનેતાઓ રાકેશ પુજારા અને રાજસિનેદિયા ઉપરાંત એડવોકેટ પાર્થરાવલ, ઉદ્‌ગમ ચેરિટેબલના પ્રમુખ ડૉ. મયુર જોષી, ગૌરવ સેનાના સ્થાપકો યશરાજસિંહ ગોહિલ તથા કેતન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ‘મારી લાઈફ તારી’ ફિલ્મની સ્ટાર કાસ્ટમાંથી દિગ્દર્શક-ગીતકાર પ્રશાંત પટેલ, સંગીતકાર દેવવ્રત શર્મા, કંપોઝર રીના પટેલ તથા કલાકારો દેવ પટેલ, મનન બુચ અને પ્રતિભા બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ફિલ્મના ગીતો સાથે લાઈવ નૃત્યો કોરિયોગ્રાફર અંજલિ તન્ના તથા તેમની ટીમ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિરેન ઠક્કર તથા સંજય તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરના વકીલો ૩૧ માર્ચે કોર્ટની કામગીરીથી અળગા રહેશે

ગાંધીનગર, તા. ૨૮

ભારત સરકારના લો કમિશન દ્વારા એડવોકેટ એકટમાં જરુરી સુધારા વધારા કરવા માટે બાર કાન્ઉસીલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મનન મિશ્રા તરફથી બિન લોકશાહી અને વકીલો વિરોધી જે ભલામણો કરવામાં આવી હતી તે પ્રપોઝર્ડ બિલ નં. ૨૬૬થી ૨૩ માર્ચના રોજ લોકસભામાં મુકવામાં આવ્યું હતું. જયારે આ વકીલ વિરોધી બિલ મંજુર ન થાય તે માટે વકીલોમાં હાલ બિલ સંદર્ભે ઉગ્ર વિરોધનો વંટોળ ઉભો થયો છે. આ બિલમાં કરવામાં આવેલી ભલામણો મુજબ કોઈ પણ ધારાશાસ્ત્રી ન્યાય તંત્ર વિરોધી હડતાળ અથવા કોર્ટ કામકાજથી અળગા રહેવાના ઠરાવમાં સાથ સહકાર આપશે તો તેવા ધારાશાસ્ત્રીના વકીલાતનું લાયસન્સ રદ કરી દંડનીય કાર્યવાહી કરાશે તેવી ભલામણ કરવામાં આવી છે. જેના વિરોધમાં ગુજરાત બાર કાઉન્સીલે આગામી તા. ૩૧ માર્ચના રોજ વકીલોને કોર્ટ કામગીરીથી અળગા રહેવા આહવાન કર્યું છે. જે સંદર્ભે ગાંધીનગર બાર એસોસિએશન પણ તા. ૩૧ માર્ચના રોજ કોર્ટની કામગીરીથી અળગા રહેશે.



શહેરના ઘ-૧ પાસે સવારના સુમારે કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જો કે આ બનાવમાં વાહનોને નુકશાન થવા પામ્યુ હતુ. પરંતુ સદનસીબે કોઈને જાનહાની થવા પામી ન હતી.

# સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની ગવર્નીંગ બોર્ડમાં સિદ્ધાર્થ ઉપાધ્યાયની નિમણુંક

ગાંધીનગર, તા. ૨૮

સોસાયટી ઓફ ટ્રાન્સફોર્મેશન ઈન્કલુઝન એન્ડ રેકગ્નીશન (સ્ટેર્સ)ના સ્થાપક અને સેક્રેટરી જનરલ સિદ્ધાર્થ ઉપાધ્યાયની સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની ગવર્નીંગ બોડીમાં નિમણૂંક કરવામાં આવી છે. સ્પોર્ટસ એન્ટરપ્રેન્યોર અને તેમજ ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા સ્થાપિત સુબ્રત મુખર્જી સ્પોર્ટસ એજયુકેશન સોસાયટીમાં પણ પ્રતિનિધિત્વ કરે છે. કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલે તેમની નિમણૂંકને પગલે રમતગમત ક્ષેત્રે નવી નીતિઓ ઘડવામાં નોંધપાત્ર



ફિનાનથ્રોપિસ્ટ સિદ્ધાર્થ ઉપાધ્યાય સ્ટેર્સ નામની બિન નફાલક્ષી સંસ્થાના માધ્યમ દ્વારા રમતગમતનાં છેવાડાના સ્તરેથી પરિવર્તન માટે કાર્યરત છે.

સિધ્ધાર્થ ઉપાધ્યાયે ભારતનાં રાષ્ટ્રપતિના હસ્તે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર મેળવ્યો છે. સ્ટેર્સના સ્થાપક અને સેક્રેટરી જનરલ હોવાના નાતે તેઓ ફિફા યુ ૧૭ વર્લ્ડકપ, બ્રિકસ યુ ૧૭ ટુર્નામેન્ટ, મિશન એકસ મિલિયન પ્રોગ્રામ યોગદાનની અપેક્ષા વ્યકત કરી હતી.

સિદ્ધાર્થ ઉપાધ્યાયે આ પ્રસંગે જણાવ્યું હતું કે ‘યુવા જગત સ્પોર્ટસ અને એજયુકેશન સાથે જોડાઈને સફળતાની સીડી સર કરે તે જોવાનું મારું ધ્યેય છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની ગવર્નીંગ બોડીનાં સભ્ય તરીકે તળીયાનાં સ્તરેથી ખેલાડીઓને તૈયાર કરવામાં અભિગમ સાથે પ્રદાન કરવા હું તૈયાર છું.’

# ચેટીચંડની શુભેચ્છાઓ પાઠવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં વસતા સિંધી સમાજના સૌ નાગરિક ભાઈ-બહેનોને ચેટીચંડ પર્વ નિમિત્તે નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. મુખ્યમંત્રીએ ચેટીચંડ અને ચૈત્રી નવરાત્રીનો આ સંગમ રાજ્યની ખુશી, શાંતિ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ કરશે એવી કામના શુભેચ્છાઓ પાઠવતા વ્યક્ત કરી છે.



ભારત સરકારના નેશનલ લાઈવ સ્ટોક મિશનમાં ગોંડલ ભુવનેશ્વરી શક્તિ પીઠના આચાર્યશ્રી ઘનશ્યામજી મહારાજની સભ્યપદે નિમણુંક કરવામાં આવી છે. દિલ્હી ખાતે આચાર્ય ઘનશ્યામજી મહારાજ તેમજ રાજકોટ ભાજપના અગ્રણી ચેતન રામાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. દરમિયાન વેણુ ગોપાલજી, કેન્દ્રીય કૃષિમંત્રી રાધા મોહન સીંગજીની હાજરીમાં આચાર્ય ઘનશ્યામજીને નિમણુંક પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. પશુઓના હિત માટેની નિતીઓ માટે કાર્યરત આ કમિટીમાં આચાર્ય ઘનશ્યામજી મહારાજની નિમણુંકને પશુ પ્રેમીઓ સહીત નગરના અગ્રણીઓએ પણ બિરદાવી છે.

# ઉનાવા ગોગા મહારાજના ધામે ચૈત્ર નવરાત્રીના ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક આવેલ ઉનાવા ગોગા મહારાજના ધામે ચૈત્ર નવરાત્રી પ્રસંગે તા.૨૮ થી ૫ એપ્રિલ સુધી રોજ રાત્રે ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.જયારે તા.૪ એપ્રિલને મંગળવારના રોજ વહાણવટી શિકોતર માતાજીનું દેરાહરુ (જાતર)નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. ચૈત્ર નવરાત્રી પ્રસંગે નવ દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમ તેમજ ગરબાની રમઝટથી ઉનાવા ગામ ગરબાની રમઝટથી ગાંજી ઉઠશે.

ગાંધીનગર પાસે આવેલ ઉનાવા ધામ ખાતે ગોગાજી મહારાજ તથા શ્રી વહાણવટી શિકોતર માતાજીની કૃપાથી ચૈત્ર નવરાત્રી પ્રસંગે ગરબા તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં તા.૨૮ને મંગળવારના રોજ માતાજીને રાત્રે ૧૦.૧૫ કલાકે માતાજીને ચોકમાં સ્થાપન કરાયું હતું. ત્યારબાદ તા.૨ એપ્રિલને રવિવારના રોજ હવન નો પ્રારંભ સવારે ૮.૧૫ કલાકે થશે ત્યારબાદ સવારે ૧૧.૧૫ કલાકે ધજા ચઢાવવામાં આવશે. ત્યારબાદ હવનની પૂર્ણાહુતી ૩.૧૫ કલાકે થશે. તા. એપ્રિલને મંગળવારને આઠમના રોજ જાતરમાં રાત્રે ૧૦.૩૦ કલાકે ફૂલ ચઢશે. જયારે નોમને તા.૫ના રોજ સવારે ૬.૧૫ કલાકે પીયાલા પીવાશે. જયારે દશમને ગુરુવારના રોજ સવારે ૬.૧૫ કલાકે મઢમાં માતાજીને વળાવામાં આવશે. જયારે નવરાત્રીના નવદિવસ રોજ રાત્રે રાસ-ગરબા યોજાશે. ઉલ્લેખનીય છે કે ચૈત્ર સુદ આઠમ અને નોમના રોજ બપોરે પ્રસાદી ભકતો માટે ચાલુ રહેશે.

# રવિવારે પલ્સ પોલિયો ઝૂંબેશ યોજાશે

ભારતમાં છેલ્લા ચાર વર્ષથી પોલિયોનો એક પણ કેસ નોંધાયેલ નથી. પરિણામે ભારતને અને સાઉથ વેસ્ટ એશિયા રીજીયનને પોલિયો મુક્તિનું પ્રમાણપત્ર વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા એનાયત થઈ રહ્યુ છે. પોલીયો નાબુદીના પ્રયાસમાં પોલિયો નાબુદી અભિયાનનું ૧૯૯૫થી અમલીકરણ થઈ રહ્યું છે. જેના ભાગ સ્વરૂપે ૨ એપ્રિલ ૨૦૧૭ના રોજ સમગ્ર દેશના પાંચ વર્ષથી નાના તમામ બાળકોને પોલિયોના બે ટીપા પીવડાવી રક્ષિત કરવાના થાય છે. પાંચ વર્ષથી નાનુ કોઈ પણ બાળક અભિયાન દરમ્યાન રસીથી વંચિત ન રહે તે ખુબ જ અગત્યનું છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નેશનલ પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશનના બુથના સ્થળો નીચે જણાવ્યા પ્રમાણે છે. પાંચ વર્ષથી નાના તમામ બાળકોને તા. ૨-૪-૧૭ના રોજ નજીકના બુથ ઉપર પોલીયોનાં બે ટીપાં પીવડાવવા જાહેર જનતાને અપીલ છે.

**ગાંધીનગર મહાનગર પાલિકા પલ્સ પોલિયો બુથની યાદી**

| બુથનું સ્થળ | બુથનું સ્થળ | બુથનું સ્થળ |
|---|---|---|
| સે. ૧ સમદર્શન આશ્રમ | સરકારી પ્રાથમિક શાળા, સે.૧૫, | સે.૨૬ ગ્રીનસીટી, સી-૨૪, કમલભાઈ જૈન નું ઘર |
| સે. ૯ સુવિધા કચેરી | સે.૧૪ ગુ. હા. બોર્ડ- દિવ્યા બ્યુટી પાર્લર | સે.૨૬ જયપ્રકાશ સ્કુલ |
| ઈન્ફોસીટી ટાઉનસીપ | સે.૧૪. બ્લોક નં-૫૮/૨ | સે.૨૬ યશ મેડીકલ સ્ટોર્સ |
| જી.ઈ.બી. છાપરા | સે.૨૪ , વિવેકાનંદ સ્કૂલ | સે.૧ ગાયત્રી મંદીર |
| રાજભવન | સે.૨૪ ઈન્દીરાનગર છાપરા | ઈન્દ્રોડા ચામુંડા મંદીર |
| બોરીજ જૈન દેરાસર | સે.૨૪ કેટેગરી આંગણવાડી (ટેલિફોન કોલોની સામે) | ઈન્દ્રોડા પ્રા.શાળા |
| બોરીજ નવાપુરા | સે.૨૪ સરકારી દવાખાનું | ધોળાકુવા પ્રા.શાળા |
| બોરીજ વચલાપરા અક્ષરધામ પાસે | સે.૨૪ પોસ્ટ કોલોની | ધોળાકુવા મારવાડી છાપરા |
| સે.૧૯ સુવિધા કચેરી | સે-૧૬ પ્રાથમિક શાળા | ધોળાકુવા-૧ આંગણવાડી |
| સે.૨૦ પ્રા. શાળા | સે.૧૬ સરકારી દવાખાનું | સે.૪- સી ગોગા મંદિર |
| સે.૨૦ સરકારી દવાખાનું | સે.૧૭ પ્રા. શાળા | સે.૪/એ શિવ મંદીર |
| સે.૨૧ પંચશીલપાર્ક, શાંતિ પેલેસ ફ્લેટ-૬૪૪ | સે.૧૭ સરકારી દવાખાનું | સે.૪/ડી સરકારી દવાખાનું |
| સે.૨૧ પ્રા. શાળા | સોમનાથ મંદિરના છાપરા, સેક.૧૬ | સે.૪/બી શનિ મંદિર |
| સે.૨૧ સરકારી દવાખાનું | સે.૨૪ પ્રા. શાળા | સરકારી પ્રાથમિક શાળા, સે.૧૨ |
| સે. ૩૦ સ.દ | સે.૨૭ એસઆરપી દવાખાનું | સે.૧૨,પોલીસ ચોકી |
| સે. ૩૦ બ્લોક નં. ૮૯/૩ છ ટાઈપ | સે.૨૭ પ્રા. શાળા | પી.પી.યુનીટ,સિવિલ,સે.૧૨ |
| સે.૩૦ સુવિધા કચેરી | સે. ૨૭ શિવ શક્તિ મંદીર | આંગણવાડી, સે.૧૫ |
| સર્વોદયનગર પ્લોટ નં ૧૯૩ની સામે સે.૩૦ | સે. ૨૪ ડબલડેકર | સે. ૨૩ પ્રા. શાળા |
| જી.ઈ.બી કોલોની બગીચો | સે.૧૩ પ્રા. શાળા | સે.૨૩ સરકારી દવાખાનું |
| જી.ઈ.બી ગુરુકુલ | સે.૧૩, બી સોપીંગ સેન્ટર | સે.૨૩ અરવિંદ કેન્દ્ર |
| આઈઆઈટી, પાલજ | સે.૧૩, એરફોર્સ દવાખાનું | સે.૨૯ પ્રેસ છાપરા આં.વા. |
| પાલજ સરકારી દવાખાનું | સે.૧૩,છાપરા | સે.૨૨ પ્રા. શાળા |
| બાસણ પ્રા.શાળા | સે.૧૩ ફાલ્ગુનીબેનની આંગણવાડી | સે.૨૨ રામેશ્વર મહાદેવ |
| સે.૩/બી નવરાત્રી ચોક | સે-૫ /સી મહાકાળી મંદિર | સે.૨૨ સરકારી દવાખાનું |
| સે.૩ /સી સપ્તપદી મંદિર | સે.૫ સરકારી દવાખાનું | સે.૨૨ ડૉ. વખારીયા દવાખાનું |
| સે.૩ એ ન્યુ સરકારી. દવાખાનું | સે-૫/એ પ્રેરણા સ્કૂલ | સે-૨૯ પ્રા. શાળા |
| સે.૩ સુવિધા કચેરી | સરકારી પ્રાથમિક શાળા, સે-૬ | સે.૨૯ સરકારી દવાખાનું |
| સે-૩/એ અંબાજી મંદીર | ભુવનેશ્વર મહાદેવ મંદિર, સે.૬ ડી | સે.૨૯ મસ્જીદ |
| ઘ/૨ કોર્નર ડૉ. રાજેશ પટેલનું દવાખાનુ | સરસ્વતી વિધાલય, સે.૬ | સે.૨૫ ૧૮૯/૧, સુર્યનારાયણ |
| સે.૨ સરકારી દવાખાનું | ચરેડી છાપરા | ટ્રાન્સીટ ટીમ |
| સે.૨/બી શિવ મંદીર | સે.૨૮ સરકારી દવાખાનું | એસ.ટી.ડેપો, ગ્રામ્ય |
| સે.૨/ડી શિવમ વિધ્યાલય | સે.૨૮/૨ પ્રાઈમરી સ્કૂલ | એસ.ટી.ડેપો, શહેરી |
| સે. ૮ પ્રા. શાળા | આદિવાડા પ્રા.શાળા | વીટ કોસ,સે-૬ (૧) |
| સે. ૮ સરકારી દવાખાનુ | સે.૭/ બી સંજીવની હોસ્પિટલ | વીટકોસ સે.૬ (૨) |
| સે. ૭ પટેલ વાડી | સે. ૭-સી શિવ મંદીર | સે. ૨૮ બગીચો (ગેટ-૧) |
| સે. ૭ પ્રા. શાળા | સે.૧૩, વિસ્થાપીત છાપરા, આંગણવાડી | સ.૨૮ બગીચો (ગેટ-૨) |
| સે. ૨૬, ૬૯૪/૧, કીશનનગર | સે.૨૫ માતંગી સ્કૂલ | અક્ષરધામ ટ્રાન્ઝીસ્ટ પોઈન્ટ |
| ગોકુળપુરા આંગણવાડી | સે.૨૬, કે.૧૫૮, ન્યુ ગ્રીનસીટી | મોબાઈલ-૧,૨,૩,૪,૫ |